## કલમ ૪(૧) (ખ) (૧)

**ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગત :**

**<u>પ્રસ્તાવના :</u>**

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વસતા શહેરી ગરીબોને સરકારશ્રીની વિવિધ આવાસ યોજના અંતર્ગત મળવાપાત્ર ગ્રાન્ટ, સબસીડીનો લાભ મેળવી, શહેરી ગરીબોને પોતાનું ઘર મળી રહે તે માટે આવાસોના નિર્માણ તથા પાત્ર લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવા અંગેની સંલગ્ન તમામ કાર્યવાહી કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગની રચના એપ્રિલ ૧૯૯૮ માં કરવામાં આવી હતી. સરકારશ્રીની યોજનાના અમલીકરણ અંગે જરૂરીયાત મુજબ આ સેલનું વિસ્તરણ થતુ ગયું અને સને–૨૦૦૯ માં સ્લમ અપગ્રેડેશન સેલ (હાલ ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગ) બનાવવામાં આવ્યો.

**<u>કાર્યો અને ફરજો</u> :** ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગ ના કાર્યો અને ફરજો નીચે મુજબ છે.

(૧) શહેરી વિસ્તારની ઝુંપડપટ્ટીઓને લગતી વિગતોનું સંકલન ઝોન સાથે પરામર્શમાં રહીને કરવું.

(૨) ઝુંપડપટ્ટીઓના બાયોમેટ્રીકસ સર્વેને લગતી કામગીરી.

(૩) શહેરને ઝીરો સ્લમ બનાવવાના આયોજનને લગતી કામગીરી.

(૪) JnNURM-BSUP અંતર્ગત નિર્માણ પામેલ ફાળવણી અંગે નીતિવિષયક નિર્ણયોને લગતી કામગીરી.

(૫) JnNURM-BSUP અંતર્ગત સ્થળાંતર પાત્ર ઝુંપડપટ્ટીઓના રહીશ કુટુંબોની ઝોન કચેરી દ્વારા તૈયાર કરી મોકલવામાં આવતી પાત્ર લાભાર્થીઓની યાદીના લાભાર્થીઓને તેઓના ફલેટ/ઘર નંબર માટે ડ્રો કરી આવાસ ફાળવવાની તથા લાભાર્થીઓને ફલેટનો કબજો સોંપવાની કામગીરી.

(૬) સંબંધિત ઝોન કચેરીમાંથી વિગતો મેળવી આવાસ ફાળવણી પત્ર ઈસ્યુ કરવા.

(૭) સરકારશ્રીની આવાસ યોજના અંતર્ગત નવા પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા, સરકારશ્રીમાં રજુ કરવા તથા મંજુર કરાવવા માટે કરવા જોગ કામગીરી.

(૮) સરકારશ્રીમાંથી મંજુર થયેલ પ્રોજેકટ્સની ગ્રાંટ મેળવવી, ગ્રાંટ વપરાશના પ્રમાણપત્રો મોકલવા.

(૯) મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે LIG તથા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે EWS આવાસોના નિર્માણને લગતી કામગીરી.

(૧૦) પ્રધાનમંત્રી આવાસ યોજના – હાઉસીંગ ફોર ઓલ – ૨૦૨૨ ના નીચે મુજબના ૦૪ ઘટકોના અમલીકરણ

1. "In Situ Slum Redevelopment"
2. Affordable Housing through Credit Linked Subsidy.
3. Affordable Housing In Partnership
4. Subsidy for beneficiary- led Individual House Construction.

- ઉકત ચારેય ઘટકો માટે જરૂરી અમલીકરણ, બાંધકામ, સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જરૂરી એજન્સીઓની નિમણુંક

- ઘટક–૧ માટે જરૂરી સ્લમ સર્વેની કામગીરી.
- સરકારશ્રીમાં DPR તૈયાર કરાવી રજુ કરવા.
- **pmaymis.gov.in** વેબસાઈટ પર એફો.હાઉસીંગ સેલ, સુરત મહાનગરપાલિકા દ્વારા પુરા પાડવામાં આવેલ લાભાર્થીઓની વિગતોની ચકાસણી કરી ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવી.
- સરકારશ્રીને ગ્રાન્ટ બાબતના Utilization Certificate મોકલાવવા.
- વર્ષ વાર સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ લક્ષ્યાંક અન્વયે ડીટેઈલ એકશન પ્લાન તૈયાર કરી રજુ કરવા.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત City Level Technical Cell ને જરૂરી કામગીરી ફાળવી, તેઓની કામગીરીની ચકાસણી, મહેનતાણા અને ગ્રાન્ટના Utilization Certificate મોકલાવવા.
- RTI એકટ હેઠળ ખાતાને લગતી માહિતી પુરી પાડવી અને તેને લગતા જરૂરી રેકર્ડ નિભાવવા.

(૧૧) જાહેર આવાસોના પુનઃવિકાસ (રીડેવલપમેન્ટ ઓફ પબ્લીક હાઉસીંગ – ૨૦૧૬) ના અમલીકરણની કામગીરી (ટેનામેન્ટ રીડેવલપમેન્ટ)